
॥ ભવભીરુ ભવ્ય જીવોને સૂચના ॥

मत्कृतस्यास्य काव्यस्य, यो नाम चोरयिष्यति ।
अर्हदाज्ञा खंडनस्य, पापं तस्य भविष्यति ॥ १ ॥

ભાવાર્થઃ—આ કાવ્યમાંથી કોઈ પણ ગાથા અથવા પદ ચોરી લઈને નવી કવિતા ઉભી કરી તેમાં કર્તાનું નામ ફેરવી બીજું નામ જે દાખલ કરશે, તેને શ્રીજિનેશ્વર પ્રભુની આજ્ઞા ખંડન કરવાનું પાપ છે.

કેમકે તે પ્રભુએજ કહ્યું છે કે—

वंजण अथ्थ तदुभय—એટલે શાસ્ત્રનો અક્ષર અને તેનો અર્થ તથા અક્ષર અને અર્થ એ બન્ને બદલવાથી જ્ઞાનની આશાતના થાય છે માટે ભવભીરુ જીવોએ વ્યર્થ કવિ થવાની લાલસાએ આ પુસ્તકમાંથી ચોરી કરી, અરિહંત પ્રભુની આજ્ઞા લોપવાનું મહાપાપ પોતાને શિર વહોરવું નહી.

લી. કર્તા

પુસ્તક મળવાનું ઠેકાણું
શ્વેતાંબર જન મંદિર
સાબરમતી : રામનગર

॥ શ્રીગુરુ પરંપરા સ્તુતિપદં ॥

॥ કાલી કમલી વાલે તુમપેં લાખો સલામ ॥ એ રાહ ॥

શમ દમ સંજમ ધારી, ગુરુને નિત્ય પ્રણામ ॥ એ આંકણી ॥
તપ ગણ ગગન વિભાસન [1]તરણિ, [2]ચારુ વિજય સિંહ સૂરિ [3]ચરણી ॥

[4]મેધિર ગુણ મણિ ધામ, ગુરુને નિત્ય પ્રણામ ॥ શમદમ૦॥૧॥

સત્યવિજય સંવેગી સાચા, કપૂર વિજય મુનિવર નહી કાચા ॥
રમતા આતમરામ, ગુરુને નિત્ય પ્રણામ ॥ શમદમ૦ ॥ ૨ ॥

ક્ષમા વિજય ક્ષમાના દરિયા, જિન વિજય સંવર ગુણ ભરિયા ॥
જપતા જિનવર નામ, ગુરુને નિત્ય પ્રણામ ॥ શમદમ૦ ॥ ૩ ॥

સત્તમ ઉત્તમ વિજય સુભાગી, પદ્મ વિજય પૂરણ વૈરાગી ॥
રૂપ વિજય નિષ્કામ; ગુરુને નિત્ય પ્રણામ ॥ શમદમ૦ ॥ ૪ ॥

નિરુપમ કીર્તિ વિજય નિરાગી, શ્રીઉદ્યોત વિજય સોભાગી ॥
અમર વિજય અભિરામ, ગુરુને નિત્ય પ્રણામ ॥ શમદમ૦॥૫॥

સુગુરુ ગુમાન વિજય ગુણવંતા, પરમ પ્રતાપ વિજય પુણ્યવંતા ॥
પાવન વ્રત પરિણામ, ગુરુને નિત્ય પ્રણામ ॥ શમદમ૦ ॥૬॥

સૂરિ માણિક ગુરુ જ્ઞાન વિલાસી, મેઘ વિજય તસ અંતેવાસી ॥
સમરે આઠે [5]યામ, ગુરુને નિત્ય પ્રણામ ॥ શમદમ૦ ॥૭॥

---

૧. સૂર્ય. ૨. સુંદર. ૩. ચારિત્રી. ૪. બુદ્ધિશાળી–પંડિત. ૫. પ્રહર.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

॥અથવાચનાચાર્યશ્રીવિજયમાણિકયસિંહ-સૂરિકૃતદશવિધશ્રીશ્રમણધર્મ પૂજાપ્રારંભઃ॥

॥ દોહા ॥

અકલ સકલ અમલાતમા, સકલ દેવ સુલતાન ॥
વંદૂ વિશ્વંભર વિભુ, વર્દ્ધમાન ભગવાન. ॥૧॥
વિમલ વચન રસ વરશતી, સમરી શારદ માય ॥
શ્રમણ ધર્મપૂજા રચું, પ્રણમી સદ્ગુરુ પાય. ॥૨॥
ગુણવિણ લિંગ લહ્યાં ઘણાં, કિરિયા પણ બહુ કીધ ॥
કાલ અનંતા કાઢિયા, પણ કારજ નવ સિદ્ધ. ॥૩॥
તે માટે મુનિ વરતણો, ભણું ધરમ દશ ભેદ ॥
સજ્જન ખૂશ થશે સુણી, [૧]ખલ મન હોશે ખેદ ॥૪॥
ક્ષાંતિ માર્દવ આર્જવા, મુક્તિ તપ [૨]અભિરામ ॥
સંજમ સત્ય [૩]શુચિપણું, અકિંચન બ્રહ્મ નામ ॥૫॥
ધારક એ દશ ધર્મના, તારક શ્રી [૪]તીર્થેશ ॥
પદ પંકજ તસ પૂજતાં, વરિયે ધર્મ વિશેષ ॥૬॥
[૫]લલિત વસ્તુ દશ દશ લહી, ભરિ દશ [૬]ભાસુર થાલ ॥
અષ્ટ દ્રવ્યથી અર્ચિયે, ભક્તિ ભાવ વિશાલ ॥૭॥

---

૧. દુર્જન. ૨. સુંદર. ૩. શૌચ. ૪. જિનેશ્વર. ૫. સુંદર. ૬. દીપતા.

મુનિ માણુક [1]ઉપશમ ગુણ ધારી, શીઘ્ર વરે શિવ સંપદ
સારી ॥ કર્મ [2]વિપક્ષ વિદારી હો. ॥ નિત૦ ॥૭॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતં વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ વિદારકં,
નિબિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ પ્રદાયકં,
પ્રણિ પતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥મંત્રઃ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ પૂરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણ ધર્મ દાયકાય, શ્રીમતે જિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપં૦ દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ।
॥ ઇતિ પ્રથમ શ્રી ક્ષમા ધર્મ પૂજા સંપૂર્ણા ॥

॥ અથ દ્વિતીય શ્રી માર્દવ ધર્મપૂજા પ્રારંભઃ ॥

॥ દોહો ॥

બીજો ધર્મ મુનિ તણો, નિરુપમ વિનય નિદાન ॥
[3]પ્રિય માર્દવ ગુણ પામવા, સેવો [4]સાર્વ સુજ્ઞાન ॥૧॥

॥ ઢાલ ॥

॥ કોઇનું કર્યું કંઇ થાય નહીં ॥ એ રાહ ॥
સાર્વ પ્રભુ પદ સેવિયે, જિમ માન દૂષણ દૂર જાય ॥

---

૧. ક્ષમા. ૨. શત્રુ. ૩. સુંદર. ૪. જિનેશ્વર.

॥ કાવ્યં ॥ દ્રુત વિલંબિતં વૃત્તં ॥

વિપક્ષ કર્મ વિપક્ષ વિદારકં,
નિવિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મપ્રદાયકં,
પ્રણિ પતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ઓઁ હ્રીઁ શ્રીં પરમ પૂરૂષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણધર્મ દાયકાય, શ્રીમતે જિનેંદ્રાય જલં૦ ચંદનં૦પુષ્પં. ધૂપં૦ દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા.

॥ ઇતિ દ્વિતીય શ્રી માર્દવ ધર્મ પૂજા સંપૂર્ણ ॥

॥અથ તૃતીય શ્રી આર્જવ ધર્મ પૂજા પ્રારંભઃ॥

॥ દોહો ॥

ત્રીજો ધર્મ [1]ઋષિ તણો, આર્જવ નામ ઉદાર ॥
[2]પુરૂષોત્તમ પ્રભુ પૂજતાં, નિપજે તે નિરધાર ॥૧॥

* ॥ ઢાલ ॥ રાગ આઢ ॥ *

॥ વદે વેદ પદાર્થ વિચારરે ॥ એ રાહ ॥

ધરો આર્જવ ધર્મ ઉદારરે, ધરો આર્જવ ધર્મ ઉદાર ॥ [3]નિકૃતિ વરજી નરનારરે, ધરો આર્જવ ધર્મ ઉદાર ॥ એ આંકણી ॥ આર્જવ ગુણ વિના નહી

---

૧. મુનિ. ૨. જિનેશ્વર. ૩. માયા.

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતં વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ વિદારકં,
નિવિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ પ્રદાયકં,
પ્રણિપતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ પૂરુષાય, પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણ ધર્મ-દાયકાય, શ્રીમતે જિનેંદ્રાય જલં૦ચંદનં૦પુષ્પં૦ ધૂપં૦ દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ તૃતીય શ્રી આર્જવ ધર્મપૂજા સંપૂર્ણા ॥

॥અથ ચતુર્થ શ્રી મુક્તિ ધર્મ પૂજા પ્રારંભઃ॥

॥ દોહા ॥

મુક્તિ ધર્મ મુનિ તણો, ચોથો જાણો [૧]ચંગ ॥
વરવા લોભ વિનાશથી, અરચો અરિહા અંગ ॥૧॥

* ॥ ઢાલ ॥ *

॥ રૂપે શું મન રાચો રે ॥ એ રાહ ॥

મુનિ જન લોભ નિવારી રે, [૨]વર મુક્તિ ધરમ અવ-ધારી રે, સંતોષ સજો ॥ એ આંકણી ॥ લોભ [૩]સમગ્ર ગુણોનો લોપક, લોભ પાપનું મૂલ ॥ લોભ [૪]લલિત આત્મિક ધન લુંટક, લોભ ધરમ પ્રતિકૂલ ॥

૧ સુંદર. ૨. સુંદર. ૩ સર્વ. ૪ સુંદર.

સૂરિ માણક કહે, ઇમ તપ સેવતાં રે ॥ વેગે રૂપાલી, શિવ વધૂ વરિયે ॥ વધૂ વરિયેરે, શિવ વધૂ વરિયે ॥ ઘટમાં૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતં વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ વિદારકં,
નિવિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ પ્રદાયકં,
પ્રણિ પતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥ મંત્રઃ । ૐ હ્રીં શ્રીં પરમ પૂરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણ ધર્મ-દાયકાય, શ્રીમતે જિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપં૦ દીપં૦ અક્ષતં૦ નવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા.

॥ ઇતિ પંચમ શ્રી તપોધર્મ પૂજા સંપૂર્ણા ॥

॥ અથ ષષ્ઠ શ્રી સંયમ ધર્મપૂજા પ્રારંભઃ ॥

॥ દોહો ॥

છઠ્ઠો સંજમ ધર્મ છે, સાધુનો સુખ કાર ॥
અરચો[1]તે આરાધવા, જિનવર જગદાધાર ॥ ૧ ॥

* ॥ ઢાલ ॥ રાગ કાફી ત્રિતાલ ॥ *

પ્રભુમોરે અવગુન ચિત્ત ન ધરો ॥ એ રાહ ॥

મુનિવર સંજમ ધર્મ ધરો ॥ લટપટ ખટપટ દૂર

---

૧. સંજમ ધર્મ.

॥ કાવ્યં ॥ દ્રુત વિલંબિતં વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ વિદારકં,
નિવિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ મહાયકં,
પ્રણિ પતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ઓ હ્રીં શ્રીં પરમ પૂરુષાય, પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણ ધર્મ દાયકાય. શ્રીમતે જિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપં૦દીપં૦અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી સંયમ ધર્મ પૂજા સંપૂર્ણા ॥

॥ અથ સપ્તમ શ્રી સત્ય ધર્મ પૂજા પ્રારંભઃ ॥

॥ દોહો ॥

સત્ય ધર્મ છે સાતમો, [1]સંયતનો શિવ દાય ॥
પામી જે નિત પૂજતાં, પરમેશ્વરના પાય ॥ ૧ ॥

॥ ઢાલ ॥ રાગ વસંત ॥

॥ હોઈ આનંદ બહારરે, પ્રભુ બેઠે મગનમેં ॥ એ રાહ ॥

સત્ય ધરમ શિવ દાયરે, તુમે સેવો સુજ્ઞાની ॥ એ આંકણી ॥ [2]અવિસંવાદન યોગ [3]અલૌકિક,

---

૧. સાધુનો. ૨. વિરોધરહિત—વાસ્તવિક. ૩. અસાધારણ

॥ કાવ્યં ॥ દ્રુત વિલંબિત વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ વિદારકં,
નિવિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ પ્રદાયકં,
પ્રણિપતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥મંત્રઃ॥ ૐ હ્રીં શ્રીં પરમ પૂરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણ ધર્મ દાયકાય, શ્રીમતે જિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપં૦ દીપં૦ અક્ષતં૦નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા॥

॥ ઇતિ સપ્તમ શ્રી સત્ય ધર્મ પૂજા સંપૂર્ણ ॥

॥ અથાષ્ટમ શૌચ ધર્મપૂજા પ્રારંભઃ ॥

॥ દોહો ॥

શૌચ ધર્મ સાધુ તણો, અષ્ટમ અતિ [1]અવદાત ॥
આપે [2]અવિરત [3]અર્ચતાં. તીર્થપતિ જગ તાત ॥૧॥

* ॥ ઢાલ ॥ રાગ સોહની ॥ કવાલી ॥ *

॥ રાજા મેરા કિધેની ગયા ॥ એ રાહ ॥

શૌચ ધરમ સુખકારી સુખકારી, સૂરિજન સેવે સર્વદા ॥ એ આંકણી ॥ સુંદર સજમ સાધન [4]સારૂ દ્રવ્ય ભાવ દો ભેદે [5]ચારૂ ॥ શૌચ ધરમ દિલ ધારે

૧. ઉજ્વલ અથવા સુંદર. ૨. નિરંતર. ૩. પૂજતાં. ૪ માટે. ૫. સુંદર.

॥ કાવ્યં ॥ દ્રુત વિલંબિતં વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ વિદારકં,
નિવિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ પ્રદાયકં,
પ્રણિપતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥મંત્રઃ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણ ધર્મ-દાયકાય,શ્રીમતે જિનેંદ્રાય જલં૦ચંદનં૦ પુષ્પં૦ધૂપં૦ દીપં૦અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઈતિ અષ્ટમ શ્રી શૌચ ધર્મ પૂજા સંપૂર્ણા ॥

॥ અથ નવમ શ્રી અકિંચન ધર્મ પૂજા પ્રારંભઃ ॥

॥ દોહો ॥

પરમ ધરમ[૧] અણગારનો. નવમ અકિંચન નામ ॥
સહજે પ્રગટે સેવતાં, [૨]ધર્મ ચક્રી ગુણ ધામ ॥ ૧ ॥

✻ ॥ ઢાલ ॥ ✻

રાગ કાલિંગડો ॥ અથવા શ્રીરાગ ॥
॥ વંદો વિશ્વાનંદન વીર ॥ એ રાહ ॥
સેવો ધરમ અકિંચન સાર ॥ એ આંકણી ॥

પુણ્યે શ્રીજિન શાસન પામી, સ્વીકારી સંજમ શ્રીકાર ॥ આતમ અરથી મુનિ આરાધે, અમલ

---

૧. મુનિનો. ૨. જિનેશ્વર.

॥ કાવ્યં ॥ દ્રુત વિલંબિતં વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ વિદારકં,
નિવિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ પ્રદાયકં,
પ્રણિપતામિ મુદા જિન નાયકં ॥ ૧ ॥

॥મંત્રઃ॥ ૐ હ્રીઁ શ્રી પરમ પૂરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશવિધ શ્રમણ ધર્મ-દાયકાય,શ્રીમતે જિનેંદ્રાય જલં૦ચંદનં૦ પુષ્પં૦ ધૂપં દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઈતિ નવમ શ્રી અકિંચન ધર્મ પૂજા સંપૂર્ણ ॥

॥ અથ દશમ શ્રી બ્રહ્મચર્ય ધર્મ પૂજા પ્રરંભઃ ॥

॥ દોહો ॥

બ્રહ્મચર્ય દશમો ભલો, મુનિવર ધર્મ મહાન ॥
પ્રગટે પ્રભુ પદ પૂજતાં, નિયમા મોક્ષ નિદાન ॥ ૧ ॥

* ॥ ઢાલ ॥ *

॥ રાગ આશા ગોડી તાલ દીપચંદી ॥

॥ અવર મદન અલબેલો ॥ એ રાહ ॥

બ્રહ્મ ધરમ સુખકારી સેવો ભાઈ બ્રહ્મ ધરમ સુખકારી ॥ એ આંકણી ॥ વર વિજ્ઞાન વિવેક વધારી, સમકિત શુદ્ધ સમારી ॥સેવો૦॥ અનુપમ ચરણ કરણ

॥ કાવ્યં ॥ દ્રુત વિલંબિત વૃત્તં ॥

વિષમ કર્મ વિપક્ષ·નિહારકં,
નિબિડ ભીમ ભવોદધિ તારકં ॥
પરમ સંયત ધર્મ પ્રદાયકં,
પ્રણિ પતામિ સુદા જિન નાયકં ॥ ૧ ॥

॥મંત્રઃ॥ ૐ હ્રીં શ્રીં પરમ પૂરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, દશ વિધ શ્રમણ ધર્મ દાયકાય, શ્રીમતે જિનેંદ્રાય જલં૦ચંદનં૦પુષ્પં૦ ધૂપં૦ દીપં૦અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દશમ શ્રી બ્રહ્મચર્ય ધર્મ પૂજા સંપૂર્ણા ॥

* ॥ અથ કલશ ॥ રાગ ધન્યાશ્રી ॥ *

॥ ચોવીશમો જિનરાયો, મેં આજે ગાયો ॥ એ રાહ ॥

શ્રમણ ધરમ શિવ દાયા, મેં સ્નેહે ગાયા ॥ દર્શન જ્ઞાન દીપાયા રે ॥ મેં સ્નેહે ગાયા ॥ શ્રમણ૦ ॥ એ આંકણી ॥ ક્ષાંતિ માર્દવ આર્જવ મુક્તિ, તપ સંજમ સમજાયા રે ॥ મેં સ્નેહે૦ ॥ સત્ય શૌચને અકિંચન બ્રહ્મ, પરમ ધરમ દશ ધ્યાયા રે ॥ મેં સ્નેહે૦ ॥ શ્રમણ૦ ॥ ૧ ॥ એ દશ ધરમ ઉપાસી અરિહા, કેવલ

મેં સ્નેહે૦॥ શ્રમણ૦ ॥૭॥ રામ નગરમાં (સાબરમતી) રહી ચોમાસું, પારસ નાથ પસાયા રે ॥ મેં સ્નેહે૦ ॥ શ્રદ્ધાલુ શ્રાવક આગ્રહથી, એ અધિકાર રચાયા રે ॥ મેં સ્નેહે૦ ॥ શ્રમણ૦ ॥ ૮ ॥ શ્રમણ ધરમની પૂજા સુણતાં, સંઘ સકલ હરખાયા રે ॥ મેં સ્નેહે૦ ॥ સૂરિ માણક જિન નામ સમરતાં, ઓચ્છવ રંગ વધાયા રે ॥ મેં સ્નેહે૦ ॥ શ્રમણ૦ ॥ ૯ ॥

॥ ઈતિ કલશઃ સંપૂર્ણઃ ॥



॥ ઈતિ વાચનાચાર્ય શ્રી વિજય માણિક્ય સિંહ સૂરિકૃત દશવિધ શ્રમણ ધર્મ પૂજા સંપૂર્ણા ॥

રહે મૌન વદે મુખ સત્ય રે, સાંભળો સત સંગી ॥
નમિયે તે મુનિવર નિત્ય રે, સાંભળો સત સંગી ॥
તપ તપતા સમતા વંત રે, સાંભળો સત સંગી ॥
સેવિયે તે તપસ્વી સંત રે, સાંભળો સત સંગી ॥ ૫ ॥

જે જીતે કામ વિકાર રે, સાંભળો સત સંગી ॥
જાણો તે જતિ જયકાર રે સાંભળો સત સંગી ॥
જે ધૂતે મોહ મહા ભૂતરે, સાંભળો સત સંગી ॥
અવધારો તે અવધૂત રે, સાંભળો સત સંગી ॥ ૬ ॥

જે ખંડે નહી વ્રત સાર રે, સાંભળો સત સંગી ॥
તે લજ્જાવંત ઉદાર રે, સાંભળો સત સંગી ॥
ભોગ તજી ભજે જે જોગ રે, સાંભળો સત સંગી ॥
તે જોગી હરે ભવ રોગ રે, સાંભળો સત સંગી ॥ ૭ ॥

વિણ કારણ વદે નહી વાણ રે, સાંભળો સત સંગી ॥
વાચંયમ તે પુણ્યવાન રે, સાંભળો સત સંગી ॥
રમે નિર્મળ આતમ રૂપ રે, સાંભળો સત સંગી ॥
નમો મહાતમા તે અનૂપ રે, સાંભળો સત સંગી ॥ ૮ ॥

ધરે શમ દમ સંજમ જેહ રે, સાંભળો સત સંગી ॥
શમી દમીને સંજમી તેહ રે, સાંભળો સત સંગી ॥
ગુણ એહના અપરંપાર રે, સાંભળો સત સંગી ॥

॥ અષ્ટ પ્રકારી પૂજાનો રાસ ॥

॥ પૂનમ ચાંદની ખીલી પૂરી આંહી રે ॥

ભક્તિ જિનવરની કરિયે રોચક ભાવથી રે,
છંડી ચિત્ત ચપળતા મંડી શુદ્ધ વિધાન ॥
ચેતન પ્યારા મ્હારા પૂજો શ્રી જિનરાજને રે ॥ ૧ ।

॥ શાખી ॥

નિર્મળ જળ કળશે કરી, ન્હવરાવી ધરિ નેહ ॥
ચરચો કેશર ચંદને, જગદીશ્વર જિન દેહ ॥
ચંપક ચંએલીને જાસુલ મોગર માલતી રે,
પાવન પુષ્પ ચઢાવો પ્રભુને કરી બહુમાન ॥ ચેતન૦ ॥ ૨ ॥

॥ શાખી ॥

શેલ્હારસ કૃસ્નાગરુ, ગંધવટી ધન સાર ॥
વામ દિશે જિન ધૂપિયે, તો તરિયે સંસાર ॥
જિનને જમણી દિશે દીપક ઝગમગ થાપિયે રે,
જેથી લહિયે કેવળ દર્શન કેવળ જ્ઞાન ॥ ચેતન૦ ॥ ૩ ॥

॥ શાખી ॥

અક્ષત નૈવેદ ફળ ધરી, પૂજી અષ્ટ પ્રકાર ॥
નાચો નવ નવ રંગથી, ગાવો ગીત ઉદાર ॥
ઇણ વિધ ભકિત યુકતે જિન માણકને સેવતાં રે,
લહિયે શાસ્વત સુંદર શિવપુર મંદીર ઠાણ ॥ ચેતન૦ ॥ ૪ ॥

સં. ૧૯૫૨.